# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref No. PN 2024-25/126 Dt. 23/11/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરતના એમએસએમઇ ઉદ્યોગકારોને બિઝનેસ ગ્રોથ માટે વોલમાર્ટ વૃદ્ધિ પ્રોગ્રામ સંદર્ભે માહિતગાર કરાયા

### ચેમ્બર દ્વારા "Walmart Vriddhi Supporting Startups & MSMEs in Exploring E-Commerce Opportunities" વિષે કાર્યક્રમનું આયોજન કરાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ બિલ્ડીંગ, સરસાણા, સુરત ખાતે "Walmart Vriddhi Supporting Startups & MSMEs in Exploring E-Commerce Opportunities" વિષે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાત વકતા તરીકે વોલમાર્ટ વૃદ્ધિના રિજીયોનલ હેડ શ્રી હર્ષલ તાનાવાલાએ સુરતના એમએસએમઇ ઉદ્યોગકારોને વોલમાર્ટ વૃદ્ધિ પ્રોગ્રામના લાભો વિષે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ કાર્યક્રમમાં સર્વેને આવકારી એમએસએમઇ ઉદ્યોગકારોને જણાવ્યું હતું કે, ભારતના નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) દેશના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ઉદ્યોગોને વધુ સશક્ત બનાવવા માટે વિવિધ પ્રોગ્રામો હાથ ધરવામાં આવ્યા છે, જેમાં વોલમાર્ટ વૃદ્ધિ પ્રોગ્રામ એક મહત્વપૂર્ણ પહેલ છે. આ પ્રોગ્રામ અંતર્ગત, ઉદ્યોગકારોને વૈશ્વિક માર્કેટમાં પ્રવેશ મેળવવામાં અને ગ્લોબલી સ્પર્ધાત્મક થવા માટે મદદ કરવામાં આવે છે.

વોલમાર્ટ વૃદ્ધિ પ્રોગ્રામ દ્વારા MSMEsને અનેક લાભો થાય છે. આ પ્રોગ્રામ અંતર્ગત MSMEsને માર્કેટિંગ, લોજિસ્ટિક્સ, ગુણવત્તા મેનેજમેન્ટ અને ટેકનોલોજી માટે જરૂરી કુશળતા મેળવવાની તક માટે તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે છે. તેઓને વોલમાર્ટની વૈશ્વિક સપ્લાય ચેઇનમાં જોડાવાની તક મળે છે. આ પ્રોગ્રામ દેશના નાના અને મધ્યમ ઉદ્યોગોને એક્ષ્પોર્ટ માટે તૈયાર કરે છે. ભારતથી એક્ષ્પોર્ટ વધારવાથી રાષ્ટ્રની આવક વધશે અને મોટી સંખ્યામાં રોજગારીની તકો સર્જાશે. જેને કારણે ભારતીય અર્થતંત્ર મજબુત થશે અને આપણે સૌ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતની કલ્પનાને સાકાર કરી શકીશું.

વકતા શ્રી હર્ષલ તાનાવાલાએ ઈ–કોમર્સનું મહત્વ જણાવતાં કહ્યું હતું કે, ઉદ્યોગ સાહસિકો ૨૪ બાય ૭ વિઝિબિલીટી અને ઓછા ખર્ચે માર્કેટીંગ, કોઈ પણ જગ્યાએથી ઓર્ડર મેળવી શકવાની ફ્લેક્સિબિલીટી, સરળ અને ગતિથી પૈસા ટ્રાન્જેકશન્સ, દેશના વિવિધ સ્થળે અને વિદેશમાં વેપાર કરવા માટે મોટું માર્કેટ ઉપલબ્ધ થવાની સાથે જ વધુ માત્રામાં પ્રોડકટનું વેચાણ ઈ–કોમર્સ થકી કરી શકે છે. વધુમાં તેમણે વોલમાર્ટ વૃદ્ધિ પ્રોગ્રામ અંતર્ગત આવતા ૩૧ લર્નિંગ મોડલ્સ વિશે અને એમએસએમઇ માટેના વિવિધ કોર્સીસ વિશે માહિતી આપી હતી.

તેમણે વોલમાર્ટ વૃદ્ધિ CSR એટલે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટી એક્ટિવિટીના ભાગરૂપે કાર્ય કરતી હોવાનું જણાવ્યું હતું. તે વિના મૂલ્યે ટ્રેઈનીંગ, મેન્ટરીંગ તેમજ ડિજીટલ ટુલ્સની મદદથી ઉદ્યોગોને નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. ઉદ્યોગને પેન ઈન્ડિયા પ્લેટફોર્મ પર એકસપર્ટીઝ કેળવી લોકલ સપ્લાયર્સને બિઝનેસ માટે સલાહ પણ આપે છે. વધુમાં વોલમાર્ટ વૃદ્ધિ પ્લેટફોર્મ બિઝનેસને વૈશ્વિક સ્તરે એક્ષ્પોર્ટ કરવામાં મદદરૂપ થાય છે તેમ જણાવ્યું હતું.

શ્રી હર્ષલ તાનાવાલાએ વધુમાં જણાવ્યું હતું કે, વોલમાર્ટ વૃદ્ધિ સાથે જોડાવવા માટે ઈમ્પોર્ટ–એક્ષ્પોર્ટ કોડ, GSTIN નંબર (ગુડ સર્વિસ એન્ડ ટેક્સ આઈન્ડેટીફિકેશન નંબર), પાન નંબર, એક્ષ્પોર્ટનો અનુભવ, ઈ–કોમર્સ એકસપીરિયન્સ, યુએસ રિટર્ન એડ્રેસ હોવું જોઈએ.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્‌ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન કિરણ ઠુમ્મરે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની એમએસએમઇ કમિટીના ચેરમેન શ્રી મનિષ બજરંગે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જ્યારે કમિટીના સભ્ય શ્રી દિલીપ સિંહ ગેહલોતે વકતાનો પરિચય આપ્યો હતો. નિષ્ણાત વકતાએ એમએસએમઇ ઉદ્યોગકારોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.